ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની મુદ્દત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2022/0001/A Section
સચિવાલય, ગાંધીનગર.
તા. ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધાં:**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા: ૧૩/૦૩/૨૦૨૫ નો સમાનાંકી ઠરાવ
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૧૪/૧૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: DDCW/Miscellaneous/e-file/225/2024/0544/Administrative

**આમુખ:**

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના આ વિભાગના તા.૧૩/૦૩/૨૦૨૫ ના ઠરાવથી ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની કુલ ૧૪ જગ્યાઓને તા.૩૧/૦૧/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. જેની મુદત પૂર્ણ થયેલ હોઇ, વંચાણે લીધેલ ક્રમાંક (૨) હેઠળના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની કુલ ૧૪ જગ્યાઓને તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવા દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગરના આઉટસોર્સ મહેકમની નીચે મુજબની કુલ ૧૪ જગ્યાઓને આ ઠરાવમાં દર્શાવ્યા મુજબની શરતોને આધીન તા.૦૧/૦૨/૨૦૨૬ થી વધુ ૧૧ માસ એટલે કે તા.૩૧/૧૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**આઉટસોર્સ જગ્યાઓ:**

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | આંકડા મદદનીશ | ૦૧ |
| ૨ | ઓફીસ આસીસ્ટન્ટ(વહીવટી તથા યોજનાકીય કામગીરી આઈ.ટી.નિષ્ણાંત) | ૦૧ |
| ૩ | ઓફીસ આસીસ્ટન્ટ(વસુલાત તથા આઈ.ટી.શાખા) | ૦૧ |
| ૪ | ડેટા ઓપરેટર | ૦૪ |
| ૫ | પટાવાળા | ૦૩ |
| ૬ | ડ્રાઈવર | ૦૩ |
| ૭ | સફાઈ કામદાર | ૦૧ |
| | કુલ | ૧૪ |

**શરતો:-**

(૧) આઉટસોર્સથી સેવા મંજુરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વમંજુરી સિવાય, મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાદવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઇપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
(૨) આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત સેવાઓ લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૩) આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે .

(૪) નિયામકશ્રી(વિ.જા.ક) દ્વારા રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઈપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની

જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી, સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે.

(૫) માન્ય આઉટસોર્સ એજન્સી નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરું ચુકવે તે અંગે નિયામકશ્રી(વિ.જા.ક) દ્વારા યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી(વિ.જા.ક)ની રહેશે.

(૬) આઉટ સોર્સથી સેવા મેળવવાની હોઈ, તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

(૭) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૯) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થતાં પહેલાના ૪ (ચાર) માસ અગાઉ નિયામકશ્રી(વિ.જા.ક) મારફતે વિભાગને રજૂ કરી વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૨/૧૨/૨૦૨૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-sd/-
(સમીર ગરાસિયા)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, બ્લોક નં-૧૧/૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગર મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ- વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ...
- શાખા સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Samir Garasia
Section Officer
Date:2025.12.24
17:01:36 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign